પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/કવા–૦૧/૧૬–૧૭/ ૪૭૯૮ તા. ૨૪/૦૫/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
એ.ડી.આર. પોલીટેક,
પ્લોટ નં.–૧૧૫, સર્વેનંબર –૧૩૭,
ગામ: પડવાલા, તા. લોધીકા,
જી. રાજકોટ,
મો: ૯૮૨૪૨ ૭૨૭૭૨, ૯૮૨૪૨ ૭૨૧૦૧

વિષય :–નામ બદલી બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૪–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૬/કવા–૦૧/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૧..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, લોધીકા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 02/B

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૨૬/ક્વા–૦૧/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૧૭–૦૫–૧૬ સ્થળ :રાજકોટ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: એ.ડી.આર. પોલીટેક,ગામ: પડવાલા,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, લોધીકા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર : પી.આર.ભાડજા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : નામ બદલી બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે,તેઓશ્રી એ તેમના ઔદ્યોગીક વીજજોડાણ નં.:૩૩૪૦૯૦૦૬૨૪૯ મા '' શ્રી અનીલભાઈ લાલજીભાઈ મોટરીયા ના નામ પરથી એ.ડી.આર. પોલીટેક, '' ના નામ પર નામ બદલી મેળવવા માટે ની, તેમજ જુના ગ્રાહક ની ડિપોઝીટ ની રકમ, તેમના જોડાણ મા જમા લેવા બાબતે ની, વિધીસર ની અરજી સાથે ના તમામ દસ્તાવેજીક પેપર્સ, જે પીજીવીસીએલ મા તા.૦૧ ૦૪ ૧૬ ના રોજ રજુ કરેલ હોવા છતા, આજદિન સુધી પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ની સદર અરજી ની નોધણી થયેલ ન હોય આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

**૨.૧** અરજદારે ઔદ્યોગીક વીજજોડાણ નં.:૩૩૪૦૯૦૦૬૨૪૯ વાળુ સ્થળ, જે '' શ્રી અનીલભાઈ લાલજીભાઈ મોટરીયા'' પાસેથી ખરીદેલ હોય, જેથી, સદર જોડાણ મા, '' શ્રી અનીલભાઈ લાલજીભાઈ મોટરીયા ના નામ પરથી એ.ડી.આર. પોલીટેક, '' ના નામ પર નામ બદલી મેળવવા માટે ની. તેમજ જુના ગ્રાહક ની ડિપોઝીટ ની રકમ, તેમના જોડાણ મા જમા લેવા બાબતે ની, વિધીસર ની અરજી સાથે ના તમામ દસ્તાવેજીક પેપર્સ, જે પીજીવીસીએલ મા તા.૦૧-૦૪-૧૬ ના રોજ રજુ કરેલ હતા. જેથી, સદર અરજી સાથે જોડેલ કેઈસ પેપર્સ ની ચકાસણી, વિભાગીય કચેરી ખાતે પૂર્ણ થયા બાદ, અરજદાર ની સદર અરજી તા.૦૬-૦૫ ૧૬ ના રોજ રૂ.૪૦૦ નોધણીચાર્જ ભરપાઈ કરી અને નોધવામા આવેલ હતી, તેમજ આ અરજી ને, વિભાગીય કચેરી કક્ષાએથી મંજુરી પણ અપાય ચુકેલ છે. જેથી, અરજદારે મંજુરી અન્વયે ના ભાવપત્રક ની રકમ પણ પીજીવીસીએલ મા તા.૧૨ ૦૫ ૧૬ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. આમ, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સદર જોડાણ મા નામ બદલી ની મંજુરી ની પ્રક્રીયા, જે અરજદાર શ્રી ની જાણકારી, સંતોષ તેમજ તેમના તા.૧૨ ૦૫ ૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ દ્વારા સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે.

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

**૩.૧** પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ ની, તેમના જોડાણ મા નામ બદલી ની નિયમાધીન પ્રક્રીયા, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે, તા.૧૨ ૦૫ ૧૬ ના રોજ, અરજદાર શ્રી ના તા.૧૨ ૦૫ ૧૬ ના રોજ નાલેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ દ્વારા સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે.

**મુદદા નં.–૪ : હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા ન. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે.

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોવ તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયમક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૫૦% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..